# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-04-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ફોર્મ ખેંચવાની મુદત આજે પૂર્ણ :

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ખેંચવાનો અંતિમ દિવસ અને સમય આજે પૂર્ણ થયો છે. દિવસભર ચાલેલા ભારે રાજકીય દાવપેચ, સમજાવટ અને તડજોડના માહોલ બાદ હવે ચૂંટણી જંગનું ચિત્ર સ્પષ્ટતા તરફ છે. ફોર્મ ખેંચવાની મુદત પૂરી થઈ ચૂકી છે, જોકે વહીવટી પ્રક્રિયા ચાલુ હોવાથી કેટલા ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા અને હવે મેદાનમાં કેટલા મુરતિયા બાકી રહ્યા છે, તેનો સત્તાવાર આંકડો આજે જાહેર થઇ જશે.

જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા અને તાલુકા પંચાયતની વિવિધ બેઠકો પર બિનહરીફ થવા માટે થયેલા પ્રયાસોમાં કેટલો વેગ મળ્યો છે, તેના પર સૌની નજર મંડરાયેલી છે. ઉમેદવારોનું આખરી લિસ્ટ પ્રસિદ્ધ થયા બાદ આવતીકાલથી ચૂંટણી પ્રચાર વધુ વેગ પકડશે અને તંત્ર ઈવીએમ તેમજ મતદાન મથકોની તૈયારીઓમાં જોતરાશે.

---

## DPAની જાપાનની પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી :

સમુદ્રી વ્યાપારમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને હાઈડ્રોજન હબ બનવાની દિશામાં દીનદયાળ પોર્ટ ઓથોરિટી અગ્રેસર રહ્યું છે. તાજેતરમાં કંડલા પોર્ટ ખાતે દેશમાં પ્રથમવાર મિથેનોલ બંકરિંગનું સફળ પરીક્ષણ કરાયા બાદ હવે શિપ બિલ્ડિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ડગ માંડ્યા છે. ગઇકાલે જાપાનના પ્રતિનિધિ મંડળે કંડલાની મુલાકાત લઈ જહાજ નિર્માણ અને સમારકામની તકો અંગે ચર્ચા કરી હતી.

DPA ચેરમેન સુશિલકુમાર સિંહે 'રાષ્ટ્રીય જહાજ નિર્માણ મિશન' અંતર્ગત પ્રોજેક્ટની વિગતો રજૂ કરી હતી. મંડળે અંજારના વીરા ખાતે સૂચિત શિપ બિલ્ડિંગ યાર્ડની જમીનની મુલાકાત લઈ વિકાસની સંભાવનાઓ તપાસી હતી. નોંધનીય છે કે, વીરામાં 500 એકર વિસ્તાર માટે ટેન્ડરિંગ પ્રક્રિયા ગતિમાં છે.

---

## જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું :

કચ્છ જિલ્લામાં ૨૬એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રીઆનંદ પટેલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડ્યું છે. આ આદેશ મુજબ, મતદાનના દિવસે કોઈ પણ પોલિંગ એજન્ટ મતદાન મથકની બહાર માર્કકરેલી મતદાર યાદી લઈ જઈ શકશે નહીં.

નિયમોનું ઉલ્લંઘન કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ અધિકારીઓ અને હેડ કોન્સ્ટેબલ કક્ષાના કર્મચારીઓને આ આદેશનું પાલન કરાવવા અને ગુનો નોંધવા અધિકૃત કરવામાં આવ્યા છે. વહીવટી તંત્ર દ્વારા મુક્ત અને ન્યાયી મતદાન પ્રક્રિયા સુનિશ્ચિત કરવા આ પગલાં લેવાયા છે.

---

## વાગડની બજારમાં રોનક :

વાગડ પંથકમાં સારા વરસાદ અને રવી પાકની આવકને પગલે ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બનતા રાપરની બજારો ગ્રાહકોથી ઊભરાઈ રહી છે. અખાત્રીજ અને વૈશાખી તેરસે પાટીદાર તથા આહીર સમાજમાં મોટા પાયે લગ્નોત્સવ યોજાતા હોવાથી મુંબઈગરાઓની પધરામણીથી ગામડાંઓ જીવંત બન્યા છે. હાલ કપડાં, કરિયાણા અને કટલેરીની દુકાનોમાં ભારે ભીડ જોવા મળે છે. સોનાના ઊંચા ભાવને કારણે ગ્રાહકો જૂના દાગીના બદલાવી નવા લેવાનું પસંદ કરી રહ્યા છે. કમોસમી વરસાદથી પાકને નુકસાન છતાં, લાંબા સમય બાદ બજારમાં તેજી આવતા વેપારીઓમાં આનંદ છવાયો છે.

---

## કચ્છની વિદ્યાર્થીનીની સિદ્ધિ :

કચ્છના ભુજોડી ગામની 16 વર્ષીય વિદ્યાર્થિની બંસરી હરેશભાઈ મંગરિયાએ NCCની 36 ગુજરાત બટાલિયનમાં 'બેસ્ટ કેડેટ' તરીકે પ્રથમ નંબર મેળવી સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. 36 બટાલિયન ભુજના સી.ઓ. સંદીપ ખાવાસ દ્વારા તેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, 28 વર્ષ પહેલાં ડીવાય.એસ.પી. આશિષ પંડ્યાને આ બહુમાન મળ્યું હતું, જે સિદ્ધિ હવે બંસરીએ દોહરાવી છે.

---

## લક્ષ્મીનારાયણ મંદિરનો ત્રિ- શતાબ્દી મહોત્સવ :

ભુજ તાલુકાના દેશલપર ગામે 25 થી 27 એપ્રિલ દરમિયાન લક્ષ્મીનારાયણ મંદિરનો ત્રિદશાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાશે. આ પ્રસંગે નવનિર્મિત અતિથિ ભવન ખુલ્લું મૂકાશે. મહોત્સવનો પ્રારંભ વાંઢાયથી શોભાયાત્રા સાથે થશે,જેમાં સંતોના આશીર્વાદ અને દ્વારકાપીઠના જગદગુરૂ દ્વારા વર્ચ્યુલ સંબોધન કરવામાં આવશે.

કાર્યક્રમમાં ધીરુભાઈ સરવૈયાનો હાસ્ય દરબાર, સવજીભાઈ ધોળકિયાનું વક્તવ્ય અને ગીતાબેન રબારીના ડાયરાનું આયોજન કરાયું છે. મહોત્સવ માટે પરિસરમાં આયુર્વેદિક ઉદ્યાન અને નવીનીકરણની તૈયારીઓ પૂર્ણતાના આરે છે.

---

## ડો.જેઠો લાલવાણીના સાહિત્ય પર વક્તવ્ય :

ભુજના મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય તથા ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટના સંયુક્ત ઉપક્રમે 19 એપ્રિલ રવિવારે સાંજે પાંચ વાગ્યે પુસ્તકાલયના ભૂપતસિંહ સભાખંડમાં જાણીતા સિંધી સાહિત્યકાર ડો. જેઠો લાલવાણીનું કચ્છી-સિંધી લોક સાહિત્ય એ વિષય પર વકતવ્ય યોજાયું છે.

આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે જાણીતા લેખિકા ડો. વિમ્મી સદારંગાણી ઉપસ્થિત રહેશે. રસ ધરાવતાઓને આ અવસરે ઉપસ્થિત રહેવા પુસ્તકાલયના હોદેદારો દ્વારા અનુરોધ કરાયો છે.

-------------------------------------------------------------------------------------

## શીતળા તેરસની ઉજવણી :

આજે શીતળા તેરસના પર્વેની ઉજવણી સમગ્ર કચ્છમાં શ્રદ્ધા ભક્તિના માહોલ થઇ રહી છે. ભુજના કલ્યાણેશ્વર મંદિરે સવારથી જ ભાવિકોની ભારે ભીડ ઉમટી હતી, જ્યાં લોકોએ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા. માંડવી નજીક શીતળા માતાના મંદિરે ભરાયેલા મેળામાં ગ્રામીણ અને શહેરી સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.અંજારમાં પણ પરંપરા મુજબ ગૃહિણીઓએ માતાજીને ઠંડા નૈવેદ્ય અર્પણકરી શીશ ઝુકાવ્યું હતું.

-------------------------------------------------------------------------------------